# સુરતની સાંજને ખૂબસુરત બનાવતા આ સનસેટ પોઈન્ટ્સ

મજ્જેની LIFE

અત્યારે શિયાળો બરાબરનો જામ્યો છે. રાત જલ્દી પડી જાય છે. સૂર્યને અસ્ત થવાની ઉતાવળ હોય છે પણ ડૂબતા સુરતનો નજારો બેહદ ખૂબસુરત અને મનમોહક હોય છે. સૂરજ અસ્ત થતો હોય ત્યારે આકાશ થોડું નારંગી દેખાય છે તો થોડું જાંબલી અને થોડું યેલો દેખાય છે. ઘણા લોકોને સૂર્યોદય અને સૂર્યાસ્તનો નજારો જોવો બહુ ગમે છે. સવારે ઉગતા સૂરજની લાલીમા અને ઢળતી સાંજે સૂરજની સોનેરી રોશની બંને મનગમતી શાંતિનો અહેસાસ કરાવે છે. વિન્ટર સિઝન તો સૂર્યાસ્ત જોવા માટે બેસ્ટ સમય માનવામાં આવે છે. કેમકે, આ એવો સમય હોય છે જ્યારે વાતાવરણ સ્વચ્છ હોય છે, હવામાં ઠંડક હોય છે. ભારતમાં સનસેટ પોઈન્ટ તરીકે કચ્છનું રણ, કેરળનું વર્કલા ક્લિક, રાજસ્થાનનું થાર ડેઝર્ટ વખણાય છે. આ જગ્યાઓ પર તો લોકો ખાસ સનસેટ જોવા ટુરનો પ્રોગ્રામ બનાવે છે. જોકે, સુરતમાં પણ અમુક જગ્યાઓ એવી છે જ્યાંથી સુરજને ડુબતો જોવાની મજા જ અલગ છે. ચાલો શિયાળાની આ સીઝનમાં સુરતના ક્યા સ્થળો સનસેટ પોઈન્ટ તરીકે લોકોના દિલોદિમાગમાં ઘર કરી ગયા છે અને લોકો સનસેટ જોવા કઈ કઈ જગ્યાઓ પર પહોંચી જાય છે તે જાણીએ...



## કોઝવે પર ઉડતા પક્ષીઓ અને સૂર્યાસ્ત જોવાની મજા અલગ જ છે

રાંદેર અને સિંગણપોરને જોડતો કોઝવે આખું વર્ષ સુરતીઓની પાણીની ગરજ સારે છે. તેમાં પાણીનો સ્ટોરેજ તો થાય જ છે સાથે અહીં લોકો સ્વિમિંગ માટે પણ મોટી સંખ્યામાં આવે છે. કોઝવે બ્રિજ તો વાહનોની આવનજાવનથી આખો દિવસ ધમધમતો હોય છે અને અહીં લોકો ફરવા અને વોકિંગની પણ મજા લેતાં હોય છે. શિયાળામાં અહીં વિદેશી પંખીઓનો જમાવડો થાય છે એટલે તે જોવા લોકોની ભીડ હોય અને અને બીજી ભીડ સાંજના સમયે અહીં સૂર્યાસ્ત જોવા માટે હોય છે. સિંદૂરી કલરનો સૂરજ અને નદીમાં તેનું પ્રતિબિંબ પણ સુંદર દ્રશ્ય બનાવે છે. સાંજે અહીં સનસેટ જોવા આ વિસ્તારની મહિલાઓ અને યંગસ્ટર્સ પણ મોટી સંખ્યામાં દેખાય છે. તે સમયે આહલાદક બનતું દ્રશ્ય મનને શાંતિ આપનારું હોય છે.



## પીપલોદ નદીનો ઓવારો Gen-Z માટે સેલ્ફી પોઇન્ટ બની જાય છે

પીપલોદમાં એક હોટેલ પાછળ ટકી છે ત્યાં ઓવારા પર અઠવાડિયાના સાતે દિવસ Gen-Zનો જમાવડો હોય છે. ત્યાં આ લોકો નદીના વ્યુની અને સાથે પોતાની મજાક મસ્તીની રિલ્સ પણ બનાવતા હોય છે. સાંજના સમયે નદીની પેલે પાર સૂર્યાસ્ત જોવાનો લ્હાવો લેવા બે-ત્રણ વર્ષથી યંગસ્ટર્સની ભીડ થતી હોય છે. સનસેટ સમયે આ યંગસ્ટર્સ પોતાના ગીટાર લઈ આવે અને ગીતોની મહેફિલ સજાવે છે.



## ડચ ગાર્ડનના બાંકડા પર બેસી સૂર્યાસ્ત જોવાની મજા લેવાય છે

ડચ ગાર્ડન જે દયાળજી ગાર્ડનના નામે પણ ઓળખાય છે. અહીં એક તરફ બાળકો ગેમ્સ રમતા હોય છે. એક તરફ સ્ટુડન્ટ પુસ્તકો વાંચતા જોવા મળે છે તો એક તરફ કપલ્સ ઢળતી સાંજને જોતા પોતાની વાતોમાં મશગુલ દેખાય છે. બાંકડા પર બેસીને કે ત્યાં ઉભા રહીને નદીની પેલે પાર સૂર્ય ઢળતો હોય ત્યારે તેનો પીળો, કેસરી પ્રકાશ નદીના પાણીને પણ કલરફૂલ બનાવતો હોય તે જોવાની પણ મજા લેવાય છે.



## જોગર્સ પાર્ક પર સનસેટ એટલે કુદરતી કેન્વાસ પર ખુબસુરત પેઇન્ટિંગ

અઠવા ઘોડ દોડ રોડ પરના જોગર્સ પાર્ક પર આમ પણ કુદરતી નજારો ખુબસુરત જ લાગે છે. ઝાડોની હારમાળા, પાછળ ખેતર જેવી ખુલ્લી જગ્યા. અહીંથી તો સૂર્યાસ્તનો નજારો જોતા એવું લાગે કે કુદરતના કેન્વાસ પર ખુબસુરત પેઈન્ટિંગ બન્યું છે. ઝાડોની વચ્ચે કેસરિયા કલરમાં સૂર્યને અસ્ત થતો જોવા પણ ખાસ કેટલાક લોકો સાંજે વોકિંગ કરવા આવે છે



## નાવડી ઓવારા પર બોટમાં બેસીને સૂર્યાસ્ત જોવાય છે

નાવડી ઓવારાનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ઘણું છે. શિયાળામાં અહીંથી સનસેટનો નજારો જોવાની લોકોને મજા આવી જાય છે. કેટલાંક લોકો નાવડીમાં બેસી ઢળતા સૂરજને જોતા હોય છે. સૂરજ જ્યારે ડૂબતો હોય ત્યારે આકાશ ક્યારેક આછું જાંબલી દેખાય છે. અહીં તો સનસેટ વખતે આકાશમાં અલગ અલગ રંગો છવાઈ જતાં હોય છે. અહીં સેલ્ફી લેતા યંગસ્ટર્સ જોવા મળે છે.

## પાતળિયા હનુમાન મંદિર પાસે સનસેટના વ્યૂથી ભક્તો પણ ખુશ થાય છે



મુગલીસરા રોડ પાતળિયા હનુમાન મંદિર નદી કિનારે સ્થિત છે. અહીં પણ સાંજના સમયે મંદિરે દર્શન કરવા ભક્તો આવે ત્યારે સનસેટનો વ્યૂ જોઈને બીજાને પોતાના મોબાઈલ ફોન પકડાવી પોતાનો સનસેટ સાથેનો ફોટો પડાવે છે. અહીં નદી કિનારે સનસેટનો વ્યૂ કુદરતની સુંદરતાને વધારે નિખારે પણ છે.

## કેબલ સ્ટેડ બ્રીજ પરની લાઇટિંગ અને સનસેટ સેલ્ફી પોઇન્ટ છે



કેબલ સ્ટેડ બ્રિજ પરની ખૂબસુરત ઝગારા મારતી લાઈટિંગ સુરતની ખૂબસુરતીમાં ચાર ચાંદ લગાવે છે. આ બ્રિજ બન્યો ત્યારથી લોકો માટે તે સેલ્ફી પોઈન્ટ બન્યો છે. અહીં નદીની પેલે પાર સનસેટનો નજારો કોઈને પણ સેલ્ફી લેવા માટે મજબૂર કરી દે છે. વાહનચાલકો પોતાના વાહનો ઉભા રાખી ઢળતા સૂરજ સાથેનો પોતાનો ફોટો મોબાઈલમાં લેતા જોવા મળે છે. શિયાળામાં સનસેટ નદીના વ્યુને વધારે નયનરમ્ય બનાવે છે. નદીના પાણીમાં કેસરિયા કલરમાં સનસેટનું પ્રતિબિંબ જોવાની પણ મજા આવી જાય છે.

# જાણો સુરતના ડિઝર્ટ પ્લેસીસના વિન્ટર સ્પેશિયલ મેન્યુમાં શું છે નવું...

FOOD ફંડા

આમ તો વિન્ટર સ્પેશ્યલ સુરતીઓના દેશી ડિઝર્ટની પસંદમાં કઢાઈ દૂધ, ગાજરનો હલાવો, ગરમા-ગરમ ગુલાબ જામુન પર ઠંડી ઠંડી આઈસ્ક્રીમ, રબડી જલેબીનું સમાવેશ થાય છે. અત્યારે તો આ ડિઝર્ટ વિન્ટર સ્પેશ્યલ સ્ટ્રીટ ડિઝર્ટ બન્યા છે. સાંજ વિદાય લેવા લાગે અને રાત્રીનો અંધકાર છવાઈ જવાની શરૂઆત થાય એ સાથે આ ડિઝર્ટનો સ્વાદ લેવા યંગસ્ટર્સ તો મિત્રો સાથે ઘરની બહાર નીકળી પડે છે અને સાથે પેરેન્ટ્સ પણ તેમના બાળકોને લઈને આ ડિઝર્ટનો સ્વાદ લેતા વિવિધ ડિઝર્ટ પ્લેસિસ પર દેખાય છે. આ દેશી ડિઝર્ટ સાથે હવે દુબઈ, મેક્સિકો, લેટિન અમેરિકા, ઈટલી જેવા દેશોમાં વાયરલ ડિઝર્ટ પણ હવે સ્વાદ શોખીન સુરતીઓના મોઢામાં પાણી લાવી દે છે. હમણાં તો સ્ટ્રોબેરીની સિઝન ચાલે છે. આ ફળ તો પ્રેમનું ફળ ગણાય છે. હાર્ટ શેપ આકારની સ્ટ્રોબેરીનો ઉપયોગ કરીને બનાવવામાં આવતા ડિઝર્ટ યંગસ્ટર્સને વધારે આકર્ષિત કરે છે. તો આ યુનિક નામના ટેસ્ટી ડિઝર્ટ કયા કયા છે અને તે વિન્ટર સ્પેશ્યલ ડિઝર્ટ કેમ બન્યા

## સ્ટ્રોબેરી ફ્રેન્ચ ટોસ્ટ પર બ્લ્યુબેરી અને સ્ટ્રોબેરીનું ટોપિંગ અટ્રેક્ટિવ

અત્યારે વિન્ટરમાં સ્ટ્રોબેરી ખૂબ જ સરળતાથી અને સસ્તા ભાવે મળી જાય છે. ડિઝર્ટ લવર્સ માટે સ્ટ્રોબેરીના અનેક ડિઝર્ટ સુરતમાં મળી રહ્યા છે. તેમાં દેખાવે અટ્રેક્ટિવ સ્ટ્રોબેરી ફ્રેન્ચ ટોસ્ટ બાળકોને ખાસ્સું ભાવે છે. નોર્મલ બ્રેડને ટોસ્ટ બનાવી તેની પર નટેલા હોય અને બ્લ્યુ બેરી અને ચોપ કરેલા સ્ટ્રોબેરી સજાવેલા હોય.





## ઇટાલિયન ડિઝર્ટ કેનોલી પાર્ટી અને ફેસ્ટિવલ્સની શાન વધારે છે

આમ તો કેનોલી ઈટાલિયન પેસ્ટ્રી છે. તેમાં રિકોટા ચીઝ, દળેલી ખાંડ અને વેનીલાથી બનાવવામાં આવેલી ક્રીમનું ફિલિંગ કરેલું હોય છે અને તેને મીની ચોકલેટ ચિપ્સથી ડેકોરેટ કરાય છે. આ પેસ્ટ્રી વગર તો હવે સુરતીઓને પાર્ટીઝ અને ઉત્સવો અધૂરા લાગે છે. આ પેસ્ટ્રી બનાવવામાં ક્યારેક ક્યારેક ગોળનું પાણી પણ એડ કરાતું હોય છે. હબ્બા કેક દુબઈનું વાયરલ ડિઝર્ટ છે. તે સુરતમાં હમણાં હમણાં મળવા લાગ્યું છે.

## સ્ટ્રોબેરી ટ્રેસ લેચીસ કેકનો લુક હોય છે અટ્રેક્ટિવ

આ કેક ડેઝર્ટ ખૂબ જ શાનદાર દેખાય છે. સ્પંજ કેકને સ્વીટ મિલ્કના મિશ્રણમાં પલાળવામાં આવે છે. આ કેકની ડીમાંડ વિન્ટરમાં વધારે થતી હોય છે કેમકે આ સિઝનમાં સ્ટ્રોબેરી ભરપૂર મળતી હોય છે. આ ડેઝર્ટનો ટેસ્ટ એટલો ડિલિસીયસ હોય છે કે તે દરેક એજ ગ્રુપને ભાવે છે. આ કેકનું ઓરીજિન તો લેટિન અમેરિકા અને મેક્સિકો છે.



## લબુબુ ચિઝકેક સુરતી બાળકોને કરે છે અટ્રેક્ટ

લબુબુ આ પોપ્યુલર ટોયની મુસ્કાન અને અલગ લુકને કારણે તે ટ્રેન્ડિંગ બનતા હવે લબુબુ ચીઝ કેક સુરતી ડિઝર્ટ પ્રેમીઓ માટે બનાવાયું છે. ક્રિમી ટેક્સચરવાળી આ કેકની થોડા દિવસોથી સુરતમાં એન્ટ્રી થઈ છે. લબુબુ મુઝ કેક ડિઝર્ટનો ટેસ્ટ પણ સુરતના લોકોને ભાવી રહ્યો છે. ખાસ તો નાના બાળકો અને યંગસ્ટર્સ તેની ડિમાન્ડ કરી રહ્યા છે.





## લંડન સ્ટ્રોબેરી ચોકલેટ સુરતીઓમાં હોટ ફેવરિટ

આ ડિઝર્ટ લંડનમાં ખૂબ પસંદ કરવામાં આવ્યું હતું. તે સુરતમાં બે વર્ષથી વિન્ટર સ્પેશ્યલ ડિઝર્ટમાં નમ્બર વન પર આવે છે. સ્ટ્રીબેરીનો લાલ ચટક રંગ અને યમ્મી ટેસ્ટને કારણે લંડન સ્ટ્રોબેરી ચોકલેટનો ટેસ્ટ બાળકો, યંગ સ્ટર્સ અને વયસ્ક લોકોને પણ વારંવાર લેવાનું મન થાય છે. આ ડિઝર્ટમાં ચોકલેટમાં સ્ટ્રોબેરી ડુબાડી દેવામાં આવી હોય છે. વિન્ટરમાં સ્ટ્રોબેરીનું આગમન થતા મસ્ત ઠંડીમાં તેનો સ્વાદ લેવા સુરતીઓ રાત્રે ઘરની બહાર નીકળી

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...

# ભલે બગડે અમારી તંદુરસ્તી, ખાઈશું ફાસ્ટફૂડ ખૂબ રસથી...




નથી રહ્યો જમાનો હવે ઘરનું ખાવાનો, ફાસ્ટફૂડ ખાઈને જીભને ચટકારો બોલાવવાનો... ઢગલો બટર, પનીર અને નખાય છે ચીઝ, તબિયત બગાડી રહી છે આ ફાસ્ટફૂડની ચીજ... બર્ગર, પિત્ઝા કે પછી ચાઈનીઝ ફુડ, બગાડી રહ્યા છે હવે તબિયતનો મૂડ... ફાસ્ટફૂડથી વધી રહ્યા છે લોકોનાં પેટ, બગડે તબિયત તો કરવી પડે છે સારવારની વેઠ... છોડો રોજ ખાવાનું અને ખાવો ફાસ્ટફૂડ ઓકેઝનલી, જો તેમ થશે તો જ રહેશે તંદુરસ્તી કાયમ ઓરિજિનલી...